રાજ્યમાં કોરોનાના કેસ દસ હજારને નજીક, નવા ૯૯૪૧

33 જિલ્લામાં નોંધાયા કેસ, ચાર લોકોના મૃત્યુ : અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૩૮૪૩ કેસ સામે આવ્યા

ગાંધીનગર, તા.૧૨

રાજ્યમાં કોરોના વાયરસના કેસ દરરોજ નવા-નવા રેકોર્ડ બનાવી રહ્યાં છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૯૯૪૧ કેસ નોંધાયા છે. તો આ દરમિયાન ૪ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૪૯ લોકોએ કોરોનાને માત આપી છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮ લાખ ૮૫ હજાર ૭૧૮ થઈ ગયા છે. તો રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૩૭ લોકોના મૃત્યુ થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૩૮૪૩ કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૨૫૦૫, વડોદરા શહેરમાં ૭૭૬, રાજકોટ શહેરમાં ૩૧૯, સુરત ગ્રામ્ય ૨૬૫, વલસાડ ૨૧૮, ભરૂચ ૨૧૭, ગાંધીનગર શહેર ૧૫૦, નવસારી ૧૪૭, ભાવનગર શહેર ૧૩૦, કચ્છ ૧૦૫ અને મોરબીમાં ૧૦૨ કેસ સામે આવ્યા છે. આજે રાજ્યના ૩૩ જિલ્લામાં કોરોનાના કેસ નોંધાયા છે. ગુજરાતમાં આજે કોરોનાને લીધે ચાર લોકોના મૃત્યુ થયા છે. સુરત શહેરમાં બે, રાજકોટ ગ્રામ્યમાં એક અને વલસાડમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. રાહતની વાત છે કે ગુજરાતમાં આજે ઓમિક્રોનનો એકપણ કેસ સામે આવ્યો નથી.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૪૩૭૨૬ થઈ ગઈ છે. જેમાં ૫૧ દર્દી વેન્ટિલેટર પર છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૩૭ લોકોના નિધન થયા છે. કોરોનાની સારવાર બાદ ૮૩૧૮૫૫ લોકો સાજા થઈ ચુક્યા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૩.૯૨ ટકા છે. રાજ્યમાં આજે ૩ લાખ ૨ હજાર ૩૩ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતમાં અત્યાર સુધી ૯ કરોડ ૩૮ લાખ ૩૧ હજાર ૬૬૮ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

ખાતરમાં ભાવ વધારા સામે આપનું આવેદનપત્ર

રવિ સીઝનના પ્રારંભે ખાતરની થેલી પર રૂ. ૨૬૫નો અસહ્ય વધારો ઝીંકાયો છે અને તે ઉપરાંત એનપીકે ખાતર પર રૂ. ૨૫૦નો ભાવ વધારો ઝીંકાયો છે મતલબ કે એક માસના ગાળામાં બે વખત રૂ. ૫૦૦થી વધુનો વધારો કરવામાં આવ્યો છે જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની રહી છે. આ સ્થિતિમાં ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના કિસાન સંગઠન દ્વારા ખાતર પરનો ભાવ વધારો પાછો ખેંચવા તથા ખાતર પરની સબસીડી વધારવા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

હિંમતનગરમાં ૨૬ પોઝિટીવ કેસ

સાબરકાંઠામાં કોરોના બોમ્બ ફૂટ્યો : એક દિવસમાં વિક્રમી ૫૬ પોઝિટીવ કેસ

બાયડ, તા. ૧૨

સાબરકાંઠામાં મંગળવારે કોરોના બોમ્બ ફૂટ્યા જેવી સ્થિતિ સામે આવી, એક જ દિવસમાં વિક્રમી ૫૬ પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્યતંત્ર ચિંતિત બન્યું છે. નવા નોંધાયેલા પદ પોઝિટિવ કેસમાં હિંમતનગરમાં-૨૬, ઈડર-૧૩, ખેડબ્રહમા-૫, પોશીના-૪, પ્રાંતિજ-૩, તલોદ-વડાલી ૨-૨ અને વિજયનગરમાં ૧ કેસ સામે આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં કોરીનાના વિક્રમી કેસ સામે આવવાની ધારણા છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં હવે દરરોજ વધુ ને વધુ પોઝિટિવ કેસ સામે આવતાં સ્થિતિ વધુ ચિંતાજનક બની છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી શહેરી વિસ્તાર ઉપરાંત હવે ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યાનું ચિત્ર સામે આવી રહ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોનું માનીએ તો પ્રજા માસ્ક પહેરવામાં લાપરવાહ અને બેદરકાર બનતાં તેનાં ગંભીર પરિણામોની શરૂઆત થઈ છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેર ભલે ઘાતક ન હોય પરંતુ તેમાં કેસમાં સતત ઉછાળો થઈ રહ્યો છે તે ચિંતાજનક બાબત છે. મંગળવારે વર્તમાન વર્ષના સૌથી વધુ પોઝિટિવ કેસ નોંધાયાનું પણ જણાવ્યું છે. જ્યારે આદિવાસી વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ અત્યાર સુધી કાબુમાં હોવાનું ચિત્ર હતું પરંતુ જે રીતે પોશીના તેમજ ચિઠોડા સહિતના વિસ્તારોમાં કોરોનાના કેસ સામે આવ્યા છે તે ચિંતાજનક છે. પોશીના પોલીસ લાઈનમાં પણ ૩૩ વર્ષિય પુરુષ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં ૧૬૭ એક્ટિવ કેસ નોંધાયા...

સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭ કોરોના પોઝિટિવ એક્ટિવ કેસ નોંધાયા છે. જ્યારે હિંમતનગર તાલુકામાં શહેરી વિસ્તારમાં સૌથી વધુ પર અને ગ્રામ્યમાં ૫૪ એક્ટિવ કસ નોંધાયેલા છે. જિલ્લાના ૮ તાલુકાના તમામ વિસ્તારોમાં કોરઓના પ્રસર્યાના આંકડા સામે આવ્યાં છે.

ખેડૂતોને આપેલા ચેક પરત ફરતાં ફરિયાદ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને સારા ભાવ આપવાની લાલચ આપી ખરીદવામાં આવેલી મગફળી પેટે આપેલા ચેક પરત ફરતાં ખેડૂતોના રૂપિયા અટવાયા છે. હિંમતનગર તાલુકાના રાયગઢ, મોડાસા તાલુકાના મેઢાસણ અને બામણવાડ સહિતના ૧૮ ખેડૂતો પાસેથી રૂ. ૨૮,૨૯,૯૭૧ની મગફળી ખરીદીના ચેક ખેડૂતોએ ભર્યા પછી બાઉન્સ થતાં તેમજ વેપારીએ પૈસા આપવાથી હાથ ઉંચા કરતાં મોડાસા ગ્રામ્ય પોલીસે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે. ખેડૂતો પાસેથી મગફળી ખરીદી છેતરપીંડીના એક પછી એક કિસ્સા પોલીસ દફતરે નોંધાઈ રહ્યા છે. હિંમતનગર તાલુકાના રાયગઢ ગામના ખેડૂત હસમુખ લખાભાઈ પટેલ અને મોડાસા તાલુકાના મેઢાસણ, બામણવાડ ગામના ખેડૂતોને બજાર ભાવ કરતાં પણ ઉંચા ભાવ આપવાની વાત કરી અમદાવાદના મણીનગર વિસ્તારના જલસાગર એપાર્ટમેન્ટમાં રહેતા રાજેન્દ્રકુમાર સેંધાભાઈ પ્રજાપતિ તેમજ શાહીબાગ વિસ્તારના કેન્ટોન્ટમેન્ટ કેમ્પમાં રહેતા મહંમદહનીફ ઉસ્માનભાઈ શેખે ખેડૂતો પાસેથી રૂ. ૨૮,૨૯,૯૭૧ની મગફળી ખરીદી હતી જેમાં ખરીદીના પૈસા પેટે વેપારીઓ દ્વારા ચેક આપવામાં આવ્યા હતા. ખેડૂતોએ ચેક બેંકમાં ભર્યાપછી તેપરત ફર્યાહતા. વારંવાર ખેડૂતો દ્વારા મગફળીના પૈસાની ઉઘરાણી કરવામાં આવી હોવા છતાં વેપારીઓ દ્વારા હાથ ઉંચા કરી નાખવામાં આવ્યા હતા. મગફળી વેચી પોતે છેતરાયા હોવાનું ખેડૂતોને જણાઈ આવતાં હસમુખભાઈ પટેલની ફરિયાદના આધારે મોડાસા ગ્રામ્ય પોલીસે વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે.

ઉત્તરાયણનું પર્વ બાળકોને ખૂબ પ્રિય હોય છે. આ પર્વ નિમિત્તે શહેરના સતનામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરની સિવિલ હોસ્પિટલ કેમ્પસના બગીચામાં સ્પેશિયલ બાળકોને પતંગ-દોરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યમાં શહેરના સેવાભાવી નાગરિકો સુકેતુ મહેતા, જીગીષા મહેતા, નીલ દેસાઈ, નિધિ મહેતા દેસાઈ, ચક્ષુષા વોરા, હિમાંશુ પટેલ સહિત શહેરના મહિલા નગરસેવકો હેમાબેન ભટ્ટ અને સોનાલીબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સુકેતુ મહેતા દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી આ સેવાકાર્ય દર ઉત્તરાયણે કરવામાં આવે છે.

ઉર્જા વિભાગ ભરતી કૌભાંડ, યુવરાજસિંહ જાડેજાના આક્ષેપોથી ઠંડીમાં ગરમાવો

વિરપુર તાલુકા ભાજપ અગ્રણીના શિક્ષક પુત્રની સંડોવણીનો આરોપ લગાવ્યો : દિલીપ, અરવિંદ પટેલ એમ બન્ને શિક્ષકોના નામથી સનસનાટી

બાયડ, તા. ૧૨

ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડ પછી તપાસ આગળ વધે તે અગાઉ જિલ્લામાં બે વ્યક્તિઓના નિવેદનો લીધા પછી મામલો શાંત પડ્યો પરંતુ ગત રોજ વિદ્યાર્થી નેતાએ ન્યુઝ ચેનલમાં દિલીપ પટેલ અને અરવિંદ પટેલ નામના બે શિક્ષકો મુખ્ય સૂત્રધાર હોવાના આરોપ લગાવતાં આવનારા દિવસોમાં પેપર લીક પ્રકરણની જેમ ઉર્જા વિભાગની હાઈટેક ભરતી કૌભાંડનો પર્દાફાશ થઈ શકે છે. મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકા ભાજપ અગ્રણીના શિક્ષક પુત્રની સંડોવણી હોવાનો આરોપ લાગતાં અરવલ્લી ઉપરાંત મહિસાગર જિલ્લામાં રાજકારણ ગરમાયું છે.

ભરતી કૌભાંડમાં ઉર્જા વિભાગમાં તળીયાથી ટોચ સુધી સેટીંગ હોવાના આરોપ લાગ્યા છે. ભલે ખોટી ભરતી થઈ હોવાનું ટૂંકાગાળામાં પૂરવાર કરવું સંભવ નથી પરંતુ પૈસાની લેતીદેતીથી ઉર્જા વિભાગમાં ભરતી કરાયાના આરોપોમાં થોડું ઘણું તથ્ય તો હશે જ તેવી વિચારધારાને અનેક લોકો સ્વીકારી રહ્યા છે. અરવલ્લી પોલીસે ધનસુરા હાઈસ્કૂલના શિક્ષક અરવિંદ પટેલને તપાસ માટે ઉઠાવ્યા પછી નિવેદન નોંધ્યું ત્યારબાદ ધનસુરાનો અવધેશ પટેલ પોતાનું નામ આવતાં પોલીસ સમક્ષ હાજર થઈ નિવેદન નોંધાયું છે.

પરંતુ ગત રાત્રે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં ૨ શિક્ષકોની મુખ્ય ભૂમિકા હોવાનો સંકેત આપી નિષ્પક્ષ તપાસની માંગ કરી છે અને દાવા મુજબ ૪૫ થી વધુ ઉમેદવારો પાસેથી પૈસા ખંખેરીને ભરતી કરાયાના આરોપ લગાવ્યા છે જેમાં મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના કોયડમ ગામના અને અત્યારે ગળતેશ્વર તાલુકાની ઈટાવા પ્રા.શાળામાં ફરજ બજાવતા શિક્ષક દિલીપ ડી. પટેલ ભરતી કૌભાંડમાં ભેજાબાજ હોવાના આરોપથી સનસનાટી મચી ગઈ છે. વિદ્યાર્થી નેતાએ ભરતી કૌભાંડનો આરોપ લગાવ્યા છે તે શિક્ષક દિલીપ પટેલના પિતા ડી.એસ. પટેલ અગાઉ વિરપુર તાલુકા ભાજપ સંગઠનમાં મહામંત્રી તરીકે કામગીરી કરી ચૂક્યા છે. જેથી સ્થાનિક રાજકારણ પણ એસિડની માફક ગરમાયું છે.

દિલીપ પટેલ સામે સી.સી.સી. પ્રમાણપત્ર બાબતે પણ આરોપ...

લોકચર્ચા મુજબ કોયડમના શિક્ષક દિલીપ ડી. પટેલ સામે ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર હોવાના આરોપ લાગ્યા છે. ત્યારે બીજી ચર્ચા એ પણ છે કે તેને અગાઉ સી.સી.સી.ના પ્રમાણપત્રમાં પણ હળાહળ ખોટું કરાવ્યું હતું અને કેટલાક કિસ્સાઓમાં બનાવટી સર્ટીફીકેટ પધરાવ્યાના પણ આક્ષેપ હતા પરંતુ હજુ સુધી તેમાંનો એકપણ આરોપ પૂરવાર થયો નથી.

યુવરાજના પુરાવાથી સરકાર ભીંસમાં...

આગામી વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. વારંવાર પેપર લીક થવા અને બોગસ ભરતી પ્રકરણ સામે આવતાં ભાજપની યુવા મત બેંક ભાજપથી મોં ફેરવી લે તેવી સંભાવના વધી છે. ગત રોજ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં કેટલાક પુરાવા જાહેર કરતાં સરકાર ભીંસમાં આવી શકે છે.

બે લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશભરમાં કોરોના વાયરસના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં લતા મંગેશકર, કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, કર્ણાટકના મુખ્યમંત્રી સહિત એક કેન્દ્રીય નેતાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત જાનવી કપૂર, ખુશી કપૂર, સુઝેન ખાન, વીર દાસ, નેહા પેડસે, મોહિત મલિક પણ સંક્રમિત થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૪૭૬ કેસ નોંધાયા છે. બીજી તરફ ૨૭૦૪ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૨૮,૪૦૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાનો રિકવરી રેટ પણ ૯૪.૫૯ ટકાએ પહોંચ્યો છે.

રાજ્યોને સૂચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ છતાંકોરોના વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો માટે એકદમ નવો વાયરસ હોવાથી તે ક્યારેપોતાનું સ્વરુપ બદલશે તે અંગે કોઈ અનુમાન કરવું મુશ્કેલી છે. આ સ્થિતિમાંહોસ્પિટલમાં જરુરી તૈયારીઓ ત્રીજી લહેર પહેલાથી કરી લેવાઈ છે. ગુજરાતનાઅમદાવાદ સહિત દેશભરમાં જ્યાં બીજી લહેર દરમિયાન કોરોનાના કેસોનો રાફડોફાટ્યો હતો ત્યાં જરુરી તમામ પ્રકારની વ્યવસ્થા કરાઈ છે.

ભારતમાં ગઈકાલે કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયા બાદ આજે ફરી તેમાં મોટો ઉછાળોનોંધાયો છે. દેશમાં ૨૪ કલાકમાં ૧,૯૪,૭૨૦ કેસ નોંધાયા છે, જે પાછલા દિવસનાસંક્રમણ કરતા ૨૬,૬૫૭ (૧૫.૮%) વધુ છે. ગઈકાલે દેશમાં કોરોનાના ૧,૬૮,૦૬૩ કેસનોંધાયા હતા. કોરોનાના કેસમાંવધારોથતાદેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૯,૫૫,૩૧૯ છે. ભારતમાં ઓમિક્રોનના કેસ ૪,૮૬૮ થઈ ગયા છે.

ટેસ્ટ કિટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બરના રોજ મંજૂરી મળી ગઈ હતી. ઓમિસ્યોર (ઓમિસ્યોર) ટેસ્ટ કીટ અન્ય આરટી-પીસીઆર ટેસ્ટ કીટની જેમ જ કામ કરશે. આ કીટવડે તપાસ કરવા માટે પણ નાક કે મોઢામાંથી સ્વેબ લેવામાં આવશે. બાદમાં માત્ર ૧૦થી ૧૫ મિનિટમાં જ તપાસનો ફાઈનલ રિપોર્ટ આવી જશે જેવી રીતે અન્યઆરટી-પીસીઆર ટેસ્ટમાં બને છે. ઓમિસ્યોર વડે તપાસની રીત અન્ય આરટી-પીસીઆરટેસ્ટ કરતાં બિલકુલ અલગ નહીં હોય. ટાટામેડિકલે ઓમિસ્યોર ટેસ્ટ કીટ (ઓમિસ્યોર)ની કિંમત ૨૫૦ રૂપિયા પ્રતિ ટેસ્ટનક્કી કરી છે જે માર્કેટમાં ઉપલબ્ધ અન્ય ટેસ્ટ કીટ કરતાં સસ્તી છે. જોકે, પરીક્ષણ માટે પ્રયોગશાળાઓ દ્વારા વધારાનો ચાર્જ જોડવામાં આવી શકે છે.

મકરસંક્રાંતિ પર્વે ખીચડાનો અનોખો મહિમા આજે પણ છે

ખીચડી ચોખા, દાળ, અડદ, મગ, મીઠું, હળદર, વટાણા ઘણા બધા શાકભાજી, કઠોળ વગેરેનો ઉપયોગ કરીને ખીચડો તૈયાર કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૨

મકરસંક્રાંતિ પર્વને દિવસે દરેક ઘરમાં નવા પકવાન બનાવવામાં આવે છે. એ પકવાનમાં વિશિષ્ટ પ્રકારનું પકવાન એટલે કે ખીચડો બનાવવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસે ખીચડો બનાવી અને ખાવાનું એક વિશિષ્ટ મહત્વ વર્ષોથી છે. આ કારણથી પણ આ તહેવારને ખીચડો નામથી અનેક જગ્યાએ ઓળખવામાં આવે છે.

મકરસંક્રાંતિના દિવસે સૂર્ય ભગવાન સૂર્યદેવ મકર રાશિમાં પ્રવેશ કરે છે. આ દિવસે ભગવાન સૂર્યને ખીચડાનો ભોગ ધરાવવામાં આવે છે તે ઉપરાંત ભગવાન સૂયદેવને ગોળ અને તલની બનાવેલી દરેક વસ્તુઓનો થાળ ધરાવવામાં આવે છે. જેવી કે તલના લાડુ, રેવડી, મમરાના લાડુનો પ્રસાદ, મમરાના લાડુ વગેરે વસ્તુઓનો પ્રસાદ મકરસંક્રાંતિના દિવસે ધરાવાય છે.

મકરસંક્રાંતિનો તહેવાર ખીચડોનો પ્રસાદ બનાવ્યા વગર અધૂરો માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર મકરસંક્રાંતિના દિવસે ખીચડી ચોખા, દાળ, અડદ, મગ, મીઠું, હળદર, વટાણા, ઘણા બધા શાકભાજી, કઠોળ વગેરેનો ઉપયોગ કરી ખીચડો બનાવવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસે ભગવાન સૂર્યનારાયણ દેવને ખીચડોનો પ્રસાદ ધરાવવામાં આવે છે.

● આ પ્રસાદ ધરાવવા પાછળનું કારણ : ખીચડોમાં દરેક પ્રકારના ધાન અનાજનો ઉપયોગ કરવામાં આવે છે. ખીચડોનો સીધો સંબંધ ગ્રહ સાથે જોડવામાં આવે છે ખીચડો બનાવવા માટે ઘણા બધા પ્રકારના અનાજનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે સફેદ રંગના ચોખાને ચંદ્રનું પ્રતિક ગણવામાં આવે છે તે ઉપરાંત તેમાં પણ અડદની કાળી દાળ ઉમેરવામાં આવે છે. તે ભગવાન શનિદેવનું પ્રતિક માનવામાં આવે છે તે ઉપરાંત લીલા શાકભાજીને ભગવાન બુધ્ધ સાથે સંબંધ છે એવી પણ માન્યતા છે કે દરેક કલરની ખીચડી બનાવવાથી તમામ ગ્રહનો પ્રભાવ આ ખીચડો પડવા દેતો નથી તેથી ગ્રહ અને નક્ષત્રોની સ્થિતિ ખૂબ જ મજબૂત બને છે. ખીચડાનો ભોગ ધરાવવાથી ભગવાન શનિદેવ, ભગવાન બુધ્ધ, બૃહસ્પતિ દેવ તેમજ ભગવાન સૂર્યનારાયણ પ્રસન્ન થાય છે.

મકરસંક્રાંતિના દિવસે ખીચડો બનાવવાની પ્રથા બાબા ગોરખનાથના સમયથી શરૂ થઈ હતી તેવું કહેવાય છે જયારે ખિલજીએ હુમલો કર્યો ત્યારે નાથયોગીઓને યુધ્ધ દરમિયાન ભોજન બનાવવાનો સમય મળતો ન હતો અને તેઓ ભૂખ્યા પેટે જ યુધ્ધ માટે રવાના થતા હતા તે સમયે બાબા ગોરખનાથે દાળ, ભાત અને શાકભાજી એક સાથે રાંધવાની સલાહ આપી હતી તે તરત જ તૈયાર થઈ ગયો આનાથી યોગીઓનું પેટ ભરાતું હતું અને તે ખૂબ પૌષ્ટિક પણ હતું. બાબા ગોરખનાથે તે વાનગીનું નામ ખીચડો રાખ્યું હતું. ખિલજીથી મુકત થયા પછી યોગીઓએ મકરસંક્રાંતિની ઉજવણી કરી અને તે દિવસે ખીચડાનું વિતરણ કર્યું હતું ત્યારથી મકરસંક્રાંતિ પર ખીચડો બનાવવાની પ્રથા શરૂ થઈ. મકરસંક્રાંતિના અવસર પર ગોરખપુરના બાબા ગોરખનાથ મંદિરમાં ખીચડી મેળાનું પણ આયોજન કરવામાં આવે છે. આ દિવસે બાબા ગોરખનાથને ખીચડો ચઢાવવામાં આવે છે અને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે.

કોરોના બેકાબુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રે પણ હવે ટેસ્ટીંગ, ટ્રેકીંગ, ટ્રીટમેન્ટની રણનીતિ પર સઘન કાર્યવાહી ચાલુ કરી છે. ટેસ્ટીંગનું પ્રમાણ બેવડાયુ છે. શહેરમાં રોજના પાંચ હજાર લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે.

શહેરના ગ્રામ્ય વિસ્તાર વાવોલમાંથી ૭, કુડાસણમાં ૧૮, કોબામાં ૪, રાંદેસણમાં ૧૩, રાયસણમાં ૫, સરગાસણમાં ૯, સુઘડ, પેથાપુરમાં બે-બે કેસ મળી આવ્યા છે. સે. ૩૦ ૯, સે. ૨૩, ૨, ૫, ૩ એ સે. ૧૬માં ૫-૫ કેસ તો સે. ૨૨, સે. ૮ માં ૬-૬ કેસ, સે. ૨૮, ૨૬, ૧, સે. ૨૫ માં ૪-૪ કેસ તો વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં ૩ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર શહેરમાં વધતા જતા કેસોને પગલે હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૭૫૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જોકે આજે શહેરમાં ૫૪ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૧૦ હજાર લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. શહેરમાં ૪૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરનો પોઝીટીવીટી રેટ ૯ ટકાએ પહોંચ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

સ્થાનિકોમાં આક્રોશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષના અંતે પણ ઠેકાણે પડી નથી ત્યારબાદ સેકટરો ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવાની કામગીરી પણ હાલ આમ નાગરિકોના રોષનુ કારણ બની છે. સેકટરોના એપ્રોચ પહોળા કરવાની સાથે સેકટરો ફરતે કમ્પાઉન્ડ વોલ તાણી બાંધવામાં આવી છે. જેમાં પણ ઘણાં ઠેકાણે મોટા છીંડા છે જયારે કેટલાક ઠેકાણે વોલનુ કામ કોઈ કારણોસર અધુરુ છોડી દેવાતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં કર્મચારીઓને મળેલા પ્લોટથી મોટા ફેન્સીંગના દબાણો ઉભા કરી દેવાયા છે. ફુટપાથ સુધીના દબાણો દુર કર્યા વિના જ કમ્પાઉન્ડ વોલ ઉભી કરી દેવાઈ છે. જેના લીધે સેકટરોમાં ગીચતા વધી રહી છે. રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગની સમસ્યા વધી રહી છે. કોમન પ્લોટમાં આડેધડ ફેન્સીંગ કરી દેવામાં આવી છે. જયારે પેવર બ્લોકનુ કામ પણ નિયમ મુજબ કરવામાં આવતુ નથી જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો નિચાણમાં ગરકાવ થઈ ગયા છે. જેથી વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ પણ ઝડપથી થાય છે. આ સ્થિતિ વચ્ચે પેવર બ્લોક કરીને રહીશો જગ્યા પોતાની હોવાનુ માની આડેધડ વૃક્ષારોપણ કરી ટ્રાફિક માટે પણ અડચણ ઉભી કરી રહ્યા હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં કમ્પાઉન્ડ વોલ ઉભી કરતા પુર્વે સેકટરોમાં દબાણ દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં ફેન્સીંગના દબાણોએ અજગરી ભરડો લીધો છે ત્યારે આ દબાણો માટે કમ્પાઉન્ડ વોલ ઢાલ બની છે. સે-૩ માં ઘ માર્ગને સમાંતર નિર્માણ કરાયેલી કમ્પાઉન્ડ વોલ પણ અધુરી છે. જેના લીધે સેકટરોના એપ્રોચ માર્ગ પર કે રીંગ રોડ પર વાહનોની અવરજવર બેરોકટોક થઈ રહી છે. આ સ્થિતિમાં સેકટરોના એપ્રોચ તેમજ રીંગ રોડને પહોળા કરવા સહીત કમ્પાઉન્ડ વોલ પાછળ તોતિંગ ખર્ચ કરવાનો કોઈ હેતુ સરતો નથી. સે- ૩ સહીત અન્ય સેકટરમાં પણ આવી જ સમસ્યા છે જેનો યોગ્ય ઉકેલ આવે તે માટે પણ સ્થાનિકો સુર ઉઠાવી રહ્યા છે.

ભૂમિકામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભ્યોને હાથ ઊંચા કરવા જણાવી ગ્રાન્ટ પાછી ખેંચીએ છીએ તેવો નિર્ણય કર્યો હતો. આજની આ સામાન્ય સભામાં માણસા તાલુકા પંચાયતને સ્વભંડોળમાંથી રૂ. ૨૦ લાખ ફાળવવાને લઈ ગઈ વખતે કરાયેલા નિર્ણય પછી ત્રણ મહિના કરતાં વધુ સમય થયો પણ ગ્રાન્ટ નહિ આપી માણસાને અન્યાયની વાત યોગ્ય નથી તેવી તીવ્ર રજુઆત કલ્પેશ પટેલ સાથે માણસાના સભ્યોએ પણ સૂર પુરાવ્યો હતો. આ તબક્કે કલોલ તા.પં.ના નાણાં મળેથી ફાળવણી કરાશે તેવી વાત થઈ હતી તેવી સ્પષ્ટતા પ્રમુખે કરી હતી પરંતુ સભ્યો તે વાત સાંભળવા તૈયાર હતા નહિ અને તાત્કાલિક જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી આ ગ્રાન્ટ ફાળવે તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

આ સામાન્ય સભામાં આરોગ્યતંત્રના મલ્ટીપરપઝ હેલ્થ વર્કરોને સુપ્રિમ કોર્ટના આદેશને પગલે પગાર-ભથ્થાના તફાવતની રકમ ચુકવવા માટે સ્વભંડોળમાં ખર્ચ કરવાના મુદ્દે આરોગ્ય સમિતિના ચેરમેન કે સમિતિને વિશ્વાસમાં લીધા સિવાય સીધી દરખાસ્ત સામાન્ય સભામાં રજુ કરાતાં તેનો પણ વિરોધ બધા સભ્યોએ સાથે મળીને કરતાં આગામી સામાન્યસભા સુધીમાં સમિતિ અને ચેરમેનને વિશ્વાસમાં લઈ રજુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજની સામાન્ય સભામાં તલાટીઓની બદલીના મુદ્દે કોંગીના અજીતસિંહે પુછેલા પ્રશ્નના પ્રત્યુત્તરની ચર્ચા દરમ્યાન ભાજપના જ કલ્પેશ પટેલે તલાટીઓ સેજા પર હાજર નહિ રહેતા હોવાની અને પંચાયતોની કામગીરી પર તેની પડી રહેલી વિપરીત અસરોની તપાસ માટે વર્ગ-૨ ના અધિકારીના નેતૃત્વમાં તપાસ કરાવો તેવી રજુઆત કરી હતી. અજીતસિંહ રાઠોડે ખાતકીય તપાસ એ.સી.બી.ની તપાસ કે સજાના ભાગરૂપે માણસામાં આવા તલાટીઓની ફાળવણી કરી ગ્રામજનોને હેરાન કરવાની વૃત્તિ સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે રાજકીય દબાણોને લઈ તલાટીની બદલીના હુકમો રદ કરવાની વાત પણ બરાબર નથી. તલાટીઓની બદલીના મુદ્દે રાજકીય હસ્તક્ષેપ ન થાય તેવી તેમણે લાગણી વ્યક્ત કરી હતી.

સભામાં સામાજિક ન્યાય અધિકારીતા સમિતિના વિકાસ કામોને મંજૂરી આપવાના મુદ્દે અજીતસિંહે કાનૂની રજુઆત કરી હતી કે સમિતિને સોંપેલી સત્તા પછી આ કામો સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થાય તે યોગ્ય નથી. તેમણે સામાજિક ન્યાય સમિતિના સભ્યોને જણાવ્યુ કે ભગવાન તમને માફ નહિ કરે. જોકે આ વખતે શાબ્દીક ટપાટપી અજીતસિંહ અને કલ્પેશ પટેલ વચ્ચે થઈ હતી અને કામોને મંજૂરી અપાઈ હતી. પરંતુ આ પછી સામાજિક ન્યાય સમિતિના સભ્યો અને ભાજપના સભ્યો વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થઈ હતી.

દશા ખરાબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગો પર સલામતીને ધ્યાનમાં રાખી માર્ગોનુ વાઈડનીંગ કરવામાં આવી રહ્યુ છે. આ ઉ